# ભુજના NRI વૃધ્ધને નવ દિવસ ડિજિટલ એરેસ્ટ કરી સાયબર માફિયાઓએ 1.11 કરોડ ખંખેરી લીધા

**ભુજ, તા.16**

સાયબર ફ્રોડથી બચાવ માટેની જાહેરાતો છતાં હજુ પણ સાયબર માફિયાઓ અનેક લોકોને પોતાની જાળમાં ફસાવી જ લે છે. આવો જ એક કિસ્સો કચ્છ જિલ્લાના ભુજ તાલુકામાં



બન્યો છે. કેરો ગામે એક 71 વર્ષિય NRI વૃદ્ધને 9 દિવસ ડિજિટલ એરેસ્ટ રાખી આરોપીઓએ આશરે 1.11 કરોડ રૂપિયા ખંખેરી લીધા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે મળતી માહિતી અનુસાર લંડનના હેરો ખાતે રહેતા 71 વર્ષીય મનજીભાઈ પટેલ ગત 2 ડિસેમ્બર, 2025 ના રોજ પોતાના ગામ ભુજના કેરો આવ્યા હતા. જે બાદ 29 ડિસેમ્બરે તેમને એક અજાણ્યા નંબરથી મુંબઈના કોલાબા પોલીસ સ્ટેશનથી બોલતો હોવાનું જણાવી, તાત્કાલિક પોલીસ સ્ટેશન આવવા જણાવ્યું હતું. થોડીવાર બાદ વોટ્સએપમાં મેસેજ અને ગ્રુપ કોલ આવ્યા, જેમાં ઠગોએ પોલીસ અધિકારી અને CBI ઓફિસર માટે જરૂરી માહિતી હોવાનું જણાવી મનજીભાઈની એફડી, સંપતિ, બેંક એકાઉન્ટ અને પરિવારની વિગતો મેળવી હતી. આમ આરોપીઓએ મનજીભાઈને પૂરી રીતે ફસાવ્યા બાદ અસલી ખેલ શરૂ કર્યો.

## લંડન રહેતા 71 વર્ષના મનજી પટેલ વતનમાં આવ્યા હતા એક અજાણી મહિલાએ તેમનું સીમકાર્ડ ગેરકાયદે પ્રવૃત્તિમાં વપરાયું હોવાનું કહી ફસાવ્યા હતા

ફોન આવ્યો હતો. સામે છેડેથી વાત કરી રહેલી મહિલાએ તેમને જણાવ્યું કે, તમારા નામનું સીમકાર્ડ ગેરકાયદેસર પ્રવૃતિમાં સંકળાયેલું છે. ત્યારબાદ મનજીભાઈનો ફોન અન્ય શખ્સ સાથે કનેક્ટ કર્યો હતો. સામે છેડે રહેલા શખ્સે હોવાનું જણાવ્યું હતું. આરોપીઓએ મનજીભાઈના ડરનો ફાયદો ઉઠાવીને વધુમાં જણાવ્યું કે, તમારું ATM કાર્ડ મુખ્ય આરોપી નરેશ ગોયલના ઘરેથી મળ્યું છે, જેમાં મની લોન્ડરિંગનો કેસ થયેલો છે. વધુમાં કેસની તપાસ

ઠગોએ મનજીભાઈ પાસેથી ટુકડે-ટુકડે કરીને રૂપિયા 1.11 કરોડથી વધુની રકમ ત્રણ અલગ-અલગ બેંક ટ્રાન્સફર કરાવી લીધી. જોકે, મનજીભાઈના ભાણેજ વિનોદ પટેલને આ અંગે જાણ થતા તેમને સાયબર ફ્રોડ અંગે સમજાવ્યા હતા. આમ ભાણેજે મામાને ડિજિટલ એરેસ્ટથી બચાવી લીધા. ઉપરાંત બાદમાં સમગ્ર મામલે પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી.

# મહેસાણા જિલ્લાના પાન્છા ગામમાં દારૂ પીનારને પાંજરામાં પુરવામાં આવશે

**અમદાવાદઃ** મહેસાણા જિલ્લાના ખેરાલુના પાન્છા ગામમાં દારુની બદીને જડમૂળથી ઉખાડવા માટે સરપંચ શાંતાબેન ચૌધરીની આગેવાનીમાં એક વિશેષ રાત્રી ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ઐતિહાસિક અને કડક નિર્ણયો લેવાયા છે.

જે અનુસાર ગામમાં દારૂ ગાળવા, વેચવા કે પીવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ નિયમનો ભંગ કરનાર માટે ગ્રામજનોએ એક અનોખો રસ્તો અપનાવ્યો છે. ગામની વચ્ચે એક ખાસ 'પાંજરું' બનાવવામાં આવશે. જો કોઈ વ્યક્તિ દારૂ પીધેલી હાલતમાં પકડાશે, તો તેને ૧૨ કલાક સુધી આ પાંજરામાં પૂરી રાખવામાં આવશે જેથી તેને સામાજિક ક્ષોભનો સામનો કરવો પડે. ત્યારબાદ તેને પોલીસને હવાલે કરવામાં આવશે. રસપ્રદ વાત એ છે કે, આ પાંજરું બનાવવા માટેનો ખર્ચ પણ ગ્રામજનોએ લોકફાળા દ્વારા એકત્ર કર્યો છે.



મહારાષ્ટ્રની મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં ભાજપા અને સાથી પક્ષોની મહાયુતિને પ્રચંડ બહુમતિ સાથે જનતાએ આશીર્વાદ આપ્યા છે. ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કાર્યાલય 'કમલમ' ખાતે પ્રદેશ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટની ઉપસ્થિતિમાં ભાજપા અગ્રણીઓ અને કાર્યકરોએ 'ભારતમાતા કી જય' ના પ્રચંડ જયનાદ સાથે ફટાકડા ફોડી તેમજ મોં મીઠું કરી મહાયુતિની ભવ્ય જીતની ઉજવણી કરી હતી. આ પ્રસંગે પ્રદેશ ભાજપાના મુખ્ય પ્રવકતા ડો. અનિલ પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને સાથી પક્ષોની કામગીરી પર સમર્થન દર્શાવી પ્રચંડ જનાદેશ આપવા બદલ મહારાષ્ટ્રની જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું કે જનતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના નિર્માણના સંકલ્પને સમર્થન દર્શાવ્યું છે, આ ડબલ એન્જિન સરકારની જીત છે.

# અમરેલીની વિદ્યાસભા કોલેજના પૂર્વ નિયામક ગિરીશ ભીમાણીના વિદ્યાર્થિનીની છેડતીના દૃષ્યો બહાર આવ્યા

**અમરેલી, તા.16**

અમરેલીની વિદ્યાસભા કોલેજના પૂર્વ નિયામક ગિરીશ ભીમાણી સામે વિદ્યાર્થિનીઓની છેડતીના ગંભીર આક્ષેપો મામલે આજે અમરેલી શહેરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા વિદ્યાસભા કોલેજ કેમ્પસનો ઘેરાવ કરીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત આબુમાં થયેલી વિદ્યાર્થિનીઓની છેડતીના સીસીટીવી પણ ABVPએ આપ્યા હતા અને ગિરીશ ભીમાણીએ એક જ દિવસમાં દોઢ લાખનો નશો કરીને વિદ્યાર્થિનીઓની છેડતી કરી હોવાના આક્ષેપ કર્યા હતા.

અમરેલીની વિદ્યાસભા કોલેજની છાત્રાઓ આબુના પ્રવાસે ગઈ હતી ત્યારે કોલેજના નિયામક ગીરીશ ભીમાણીએ પાછળથી પોતાની કાર લઈ આબુ પહોંચી નશાની હાલતમાં છાત્રાઓની છેડતી કરી અડપલા કર્યા હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ 13 જાન્યુઆરીના રોજ સંકુલે ગિરીશ ભીમાણીને તેમના તમામ પદો પરથી તાત્કાલિક અસરથી દૂર કરી દીધા હતા. ગઈકાલે રાજકોટમાં NSUIના કાર્યકર્તાઓએ ગીરીશ ભીમાણીનું શાહીથી મોં કાળુ કર્યું હતું. જોકે, આ



મામલે હજી સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.આજે અમરેલીમાં કોલેજ કેમ્પસનો ઘેરાવ કરી ABVPના કાર્યકર્તાઓએ આક્ષેપ કર્યો કે, 12 જાન્યુઆરીના રોજ આબુ ખાતે ગિરીશ ભીમાણીએ વિદ્યાર્થિનીઓ સાથે છેડતી કરી હતી. આ ઘટનાનો વીડિયો પુરાવો પણ ABVP દ્વારા જાહેર કરવામાં આવ્યો, જે સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. ABVPનો આરોપ છે કે આવા ગંભીર મામલે આજદિન સુધી કોઈ કાયદેસર કાર્યવાહી થઈ નથી. અમરેલી પોલીસે ફરિયાદ નોંધવાનો ઈનકાર કરીને આબુ ખાતે ફરિયાદ કરવા જણાવ્યું હતું, પરંતુ ત્યાં પણ ફરિયાદ લેવાની ના પાડવામાં આવી હોવાનો ABVPએ દાવો કર્યો હતો.

વિરોધ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓએ 'ગિરીશ ભીમાણી હાય હાય'ના નારા લગાવ્યા હતા અને રામધૂન પણ ગાઈ હતી. ABVPએ ગિરીશ ભીમાણી અને પોલીસ ફરિયાદ ન નોંધનાર પોલીસકર્મીઓ સામે પણ કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સંગઠને ચેતવણી આપી છે કે જ્યાં સુધી ફરિયાદ દાખલ નહીં થાય અને આરોપી સામે કાર્યવાહી નહીં થાય ત્યાં સુધી તેમનો વિરોધ ચાલુ રહેશે.

## ABVPના કાર્યકરોએ કોલેજ કેમ્પસનો ઘેરાવ કરવા સાથે ભીમાણીના વીડિયો જાહેર કરતા હડકંપ મચી ગયો : ભોગ બનનાર સામે આવશે તો ફરિયાદ નોંધવા પોલીસની તૈયારી

# મહંત સ્વામીનું લાંબા અરસા બાદ વડોદરામાં આગમન : સ્વામીનું વાજતે ગાજતે સ્વાગત કરાયું

**વડોદરા, તા.16**

વડોદરા અટલાદરા સ્વામિનારાયણ મંદિરે આજે બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના વડા મહંત સ્વામી મહારાજ અમદાવાદથી વડોદરા પધાર્યા હતા. 1420 દિવસ બાદ તેમના આગમનને લઈને અટલાદરા સ્વામિનારાયણ મંદિર પરિસરમાં સાત હજારથી વધુ ભાવિક ભક્તોએ ભક્તિભાવપૂર્વક આવકાર્યા હતા.

આ અંગે અટલાદરા સ્વામિનારાયણ મંદિરના વિવેકનિષ્ઠ સ્વામીએ જણાવ્યું હતું કે અમદાવાદથી વડોદરા આવેલા મહંત સ્વામી મહારાજનું 92 બુલેટ બાઈકસવાર યુવાનોએ મંદિર પરિસર સુધી ભવ્ય એસ્કોર્ટ કર્યું હતું. આ સાથે સૌપ્રથમ બિરાજમાન પ્રભુ પ્રતિમાઓનાં દર્શન કર્યાં હતાં. સુશોભિત મંચ પર બિરાજમાન થયેલા સ્વામીને અટલાદરા મંદિરના પૂજ્ય સંતોએ પુષ્પહાર અર્પણ કરીને સન્માનિત કર્યા હતા. મહંત સ્વામી મહારાજની 92મી જન્મજયંતી મહોત્સવ નિમિત્તે પધારેલા સ્વામીના સ્વાગતમાં ભક્તોએ તપ-વ્રતોનું આયોજન કર્યું, જેમાં 47 બાળકો-યુવાનોએ 1420 દંડવત પ્રણામ કર્યા. ભક્તોએ સ્વામીના આગમન પૂર્વે 92 કલાકના નિર્જળ ઉપવાસ રાખ્યા હતા.



## અટલાદરાના મંદિરમાં લગભગ સાત હજાર હરિભક્તોનો મહેરામણ છલકાયો, મહંત સ્વામીની 92મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવશે

# રાજકોટના વડાલિયા ફૂડસના સંચાલકને સ્ટોન કવોરીમાં રોકાણ કરાવી વળતરની લાલચે 10 કરોડની છેતરપિંડી

**રાજકોટ, તા.16**

રાજકોટની વડાલિયા ફૂડસ પેઢીના સંચાલક સાથે સ્ટોન ક્રશરમાં રોકાણ કરાવી ઉંચુ વળતર આપવાની લાલચે10.98 કરોડની છેતરપિંડી કરાઈ હોવાની ફરિયાદ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાઈ છે. જેમાં સંચાલકો દ્વારા જુદી-જુદી ત્રણ પેઢી શરૂ કરી કપચીનો વેપાર કરવામાં વાર્ષિક 12% વળતરની લાલચે વર્ષ 2019થી 2024 દરમિયાન રૂ.6.90 કરોડનું રોકાણ કરાવી કટકે-કટકે રૂ.1.08 કરોડ પરત આપ્યા હતા. ત્યારબાદથી રકમ આપવાનું બંધ કરી દેતાં અત્યાર સુધીમાં વળતર સહિત10.98 કરોડ ન ચુકવાતા રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં અમિત ભાણવડીયા અને વિજય માકડીયા સામે ફરિયાદ નોંધી અમિત ભાણવડીયાની ધરપકડ કરી હતી.

રાજકોટ શહેરના નાનામવા રોડ ઉપર માસૂમ સ્કૂલની બાજુમાં ગોલ્ડન આર્ક એપાર્ટમેન્ટમાં રહેતા અને વડાલિયા ફૂડસ પેઢી ચલાવતા દર્શનભાઈ રસિકભાઈ વડાલિયા (ઉ.વ.42)એ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં મોટામવાના ફોર્ચ્યુન એકઝોટીકમાં રહેતા વિજય હરિભાઈ માકડિયા અને અમિત રમેશભાઈ ભાણવડિયા સામે નોંધાવેલી છેતરપિંડીની ફરિયાદમાં જણાવ્યું હતુ કે, આરોપીઓએ વર્ષ 2019થી સંપર્કમાં આવ્યા બાદ સ્ટોન ક્રશરમાં રોકાણ કરવાથી ઉંચુ વળતર મળે છે તેમ જણાવી બાદ ધીમેધીમે દર્શન મિનરલ્સ, જય સ્ટોન ક્રશર અને દર્શિલ સ્ટોન ક્રશરના નામની ત્રણ ભાગીદારી પેઢી શરૂ કરી હતી. આ પેઢીમાં કપચીનો વેપાર કરવા 2019થી 2024 દરમિયાન ભાગીદારી એકાઉન્ટમાં રૂ.6,90,67,000 રકમ જમા કરાવી હતી.

## કપચીના ધંધામાં 12 ટકાનું વળતર મળવાની લાલચ આપવામાં આવી હતી : વળતર અને મુદ્દલ બધુ જ ગયું

# પાવાગઢમાં 24 કરોડ નિર્વાણમંત્ર અનુષ્ઠાનનો પ્રારંભ

**હાલોલ, તા.16**

પંચમહાલના પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે આવેલા કાલિકા માતાજી મંદિર પરિસરમાં પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા 24 કરોડ નર્વાણ મંત્ર આહુતિ અનુષ્ઠાનનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. પાવાગઢમાં આ અનુષ્ઠાન પ્રથમ વખત યોજાઈ રહ્યું છે.

પાવાગઢ યાત્રાધામની યજ્ઞશાળામાં શુક્રવારે વહેલી સવારે 7 વાગ્યાને 11 મિનિટે માતાજીને પ્રથમ આહુતિ અર્પણ કરવામાં આવી હતી. વેદ મંત્રોચ્ચાર સાથે અનુષ્ઠાનનો આરંભ થયો. આ અનુષ્ઠાનનો પ્રારંભ પાવાગઢ મંદિર ટ્રસ્ટના અશોક પંડ્યા અને હાલોલ વિધાનસભાના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારની ઉપસ્થિતિમાં થયો હતો. મંદિર ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ અનુષ્ઠાનને આગામી 300 દિવસમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. દરરોજ નિર્ધારિત સમય અનુસાર મંત્રોચ્ચાર અને આહુતિઓ ચાલુ રહેશે. કુલ 24 કરોડ નર્વાણ મંત્રોની આહુતિ માતાજીને અર્પણ કરવામાં આવશે. આ અનુષ્ઠાનમાં ભાગ લેવા માટે વહેલી સવારથી જ ભક્તો પાવાગઢ પહોંચ્યા હતા. આહુતિ આપવા માટે મંદિર ટ્રસ્ટ દ્વારા સ્થળ પર જ રજિસ્ટ્રેશન પ્રક્રિયા રાખવામાં આવી છે. ભક્તો લાઈનમાં ઊભા રહી પોતાનું નામ નોંધાવીને નિર્ધારિત બેચ પ્રમાણે આહુતિ જોડાઈ શકશે.

## નિર્વાણમંત્ર પુરા કરતા લગભગ 300 દિવસ લાગશે કોઈ પણ શ્રધ્ધાળુઓ મંત્રોચ્ચાર સાથે આહૂતિ આપી શકશે : 50 લોકોના સમૂહમાં સમાવેશ કરાશે

# બોડેલી તાલુકાના વાજપુર જુથ પંચાયતના ચાર ગામોનો જેતપુર પાવીમાં સમાવવા સામે વિરોધ

**બોડેલી, તા.16**

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના વાજપુર જૂથ ગ્રામ પંચાયતના ગામોને જેતપુર પાવી તાલુકામાં સમાવવાની હિલચાલના વિરોધમાં ગામલોકો દ્વારા જિલ્લા અધિક કલેક્ટરને આવેદનપત્ર આપ્યું છે. ગ્રામજનોની માગ છે કે, 'જેતપુર-પાવી તાલુકામાં સમાવવામાં આવેલા ચાર ગામને બોડેલી તાલુકામાં જ રાખવાની આવે.'

વર્ષ 2013માં વડોદરા જિલ્લામાંથી છોટાઉદેપુર જિલ્લો અલગ થયો એ સાથે જ બોડેલી તાલુકો પણ નવો બન્યો હતો અને જેતપુર પાવી, સંખેડા તાલુકામાંથી ગામો છૂટા પાડી બોડેલીને નવો જિલ્લો બનાવવામાં આવ્યો હતો. જે-તે વખતે જેતપુર-પાવી તાલુકાની વાજપુર જૂથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ઠ પાંચ ગામોમાં વાજપુર, શિવજીપુરા, મુઢીયારી, કથોલા, આમ ચાર ગામોને બોડેલી તાલુકામાં સમાવવામાં આવ્યા હતા. જ્યારે ઝાબ ગામને જેતપુર પાવી તાલુકામાં સમાવવામાં આવ્યું હતું. આમ, એક જ ગ્રામ પંચાયતના પાંચ ગામોમાં ચાર ગામ બોડેલી તાલુકામાં અને એક ગામ જેતપુર પાવી તાલુકામાં હોવાથી અનેકવાર ગ્રામ પંચાયતના વિભાજનની દરખાસ્ત કરવામાં આવી હતી. તેમ છતાં ગ્રામ પંચાયતનું વિભાજન થયું નહોતું. પરંતુ હવે ગ્રામ પંચાયતનું વિભાજન કરવાની જગ્યાએ વાજપુર જૂથ પંચાયતના ચાર ગામને બોડેલીમાંથી જેતપુર પાવીમાં સમાવવાની હિલચાલ થઈ છે, ત્યારે ગામલોકોએ વાજપુર જૂથ ગ્રામ પંચાયતના ચાર ગામને બોડેલીમાં જ રાખવાની માગ કરવામાં આવી હતી.

## વાજપુર, શિવજીપુરા, મુઢીયારી, કથોલા ગામના રહીશોને બોડેલીનું વડુ મથક માત્ર 16 કિમી છે, જ્યારે જેતપુર પાવીનું 30 કિમી દૂર હોવાથી વહીવટી કામોમાં મુશ્કેલીઓ પડવાની સંભાવના

# બગદાણા : માયા આહિરનું નિવેદન અને કોળી યુવાન ઉપર હુમલાની ઘટનામાં ચાર યુવાનોનો આત્મવિલોપનનો પ્રયાસ

**ભાવનગર, તા.16**

ભાવનગર જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ બગદાણામાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં 'નવનીતભાઈને ન્યાય આપો'ના નારા સાથે કોળી સમાજના ચાર યુવકે બગદાણા ધામની બહાર જાહેરમાં જ્વલનશીલ પદાર્થ કાઢી આત્મવિલોપન કરવાનો પ્રયાસ કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

જોકે આત્મવિલોપન કરે એ પહેલાં જ પોલીસે ચારેય યુવાનોની અટકાયત કરી હતી. બીજી તરફ SITની તપાસમાં મારામારીમાં તળાજા તાલુકાના પાદરી



ગામના કાના ભીખાભાઈ કામલિયાની સંડોવણી બહાર આવતા તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. બગદાણા વિવાદમાં લાંબા સમયથી ન્યાયની માગ કરી રહેલા કોળી સમાજમાં રોષ છે. આજે ચાર યુવાનો ન્યાયની માગ સાથે સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. આ યુવાનો જ્વલનશીલ પદાર્થ લઈને આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. પોલીસકાફલાએ યુવાનો દીવાસળી ચાંપે એ પહેલાં જ તેમને દબોચી લીધા હતા. પોલીસે ચારેય યુવકોને પરિસ્થિતિ વધુ ન વણસે એ માટે તેમને તાત્કાલિક કોઈ ગુપ્ત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

## સમગ્ર ઘટનાને રાજકીય રંગ મળતા મામલો વધુ ઉગ્ર બનવાના એંધાણ : દિવસો પછી પણ આગ ભડકે બળી રહી છે. હુમલા કેસમાં વધુ એકની ધરપકડ કરવામાં આવી

# આજે-કાલે મોઢેરાના સૂર્ય મંદિરમાં ઉત્તરાર્ધ મહોત્સવ

**અમદાવાદઃ** રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશ્વ વિખ્યાત ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં 17-18મી જાન્યુઆરીએ ભવ્ય ઉત્તરાર્ધ મહોત્સવ-2026નું આયોજન કરાયું છે.

શાસ્ત્રી ય નૃત્યોની ગુરુ-શિષ્ય પરંપરાને ઉજાગર કરતા આ દ્વિદિવસીય મહોત્સવમાં વિશ્વ વિખ્યાત શાસ્ત્રીય નૃત્ય કલાકારો પોતાની નૃત્ય પ્રસ્તુતિ કરશે. આ મહોત્સવ બંને દિવસ સાંજે 6.30 વાગ્યાથી શરૂ થશે. ઉત્તરાર્ધ મહોત્સવ-2026ના ભાગરૂપે ઓડીસી, ભરતનાટ્યમ, કથ્થક, મણીપુરી, કુચિપુડી, કથકલી અને સતરીયા જેવા શાસ્ત્રીય નૃત્ય પ્રકારના વિશ્વવિખ્યાત કલાકારો દ્વારા પ્રસ્તુતિ કરાશે. મહોત્સવના પ્રથમ દિવસે, એટલે કે 17મી, જાન્યુઆરી-2026ના રોજ, કલાકાર રમીન્દર ખુરાના, મીનાક્ષી શ્રીયન, માયા કુલશ્રેષ્ઠા, પેરી કૃષ્ણ હર્ષિતા, ડૉ. શ્રુતિ બંદોપાધ્યાય અને બીના મહેતા દ્વારા તેમની કલા રજૂ કરવામાં આવશે. જ્યારે, દ્વિતીય દિવસે, 18મી, જાન્યુઆરીએ કલાકાર મનિકંદન એ. , ખુશ્બુ પંચાલ, જુગનુ કીરણ કપાડીયા, ડૉ. માધુરી મજમુદાર, ડૉ. ડિમ્પલ સાઈકિયા, પુષ્પિતા મિશ્રા અને આર્યા નંદે દ્વારા નૃત્ય પ્રસ્તુતિ કરીને કલા રસિકોને નૃત્યરસ પાન કરાવશે.


# ગુજરાત ગ્રામીણ બેંક

**રિજનલ ઓફિસ, સુરતઃ** ૩જો માળ, સીટી સેન્ટર કોમ્પ્લેક્ષ, યોગી ચોક પાસે, વરાછા રોડ, સુરત- ૩૯૫ ૦૦૬, ઈમેલઃ rosurat@barodagujaratrrb.co.in, વેબસાઈટઃ www.gujaratgb.in

## ઈ-હરાજી નોટીસ

ક્રમ નં. ૧ થી ૦૪ માટે ઈ-હરાજી તા.: ૨૩.૦૨.૨૦૨૬

ક્રમ નં. ૦૫ થી ૧૧ માટે ઈ-હરાજી તા.: ૦૭.૦૨.૨૦૨૬

ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે ધી સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) અધિનિયમ ૨૦૦૨ની કલમ ૮(૬) ની જોગવાઈઓને વેચાણે લેતા સ્થાવર મિલકત અંગેની ઈ-ઓકશન દ્વારા વેચાણ નોટીસ. આથી, અહીં અત્રે જાહેર જનતાને તથા વ્યક્તિગત રીતે લોનધારક(કો) અને જામીનદાર(રો) ને નીચે વર્ણવવામાં આવેલ ગુજરાત ગ્રામીણ બેંકના કબજામાં રહેલી મિલકત **તા. ૨૩.૦૨.૨૦૨૬ ના રોજ ક્રમ નં. ૧ થી ૦૪ માટે અને તા. ૦૭.૦૨.૨૦૨૬ ના રોજ ક્રમ નં. ૦૫ થી ૧૧ માટે** સદર બેંકના અધિકૃત અધિકારીએ સદરહું મિલકત ''જ્યાં છે, જેમ છે'' અને ''જ્યાં છે, જે છે'' ના આધાર પર નીચે દર્શાવેલ જામીનપાત્ર, લોન પરનું વ્યાજ, અન્ય ખર્ચા અને લાગુ પડતા ચાર્જની વસૂલાત માટે વેચવામાં આવશે. ઈ-ઓકશન websitehttps://www.bankeauctions.com પર ૧૧.૦૦ થી ૧૩.૦૦ દરમિયાન યોજવામાં આવનાર છે.

| ક્રમ | શાખા નું નામ મોબાઈલ નંબર | કરજદાર(રો) જામીનદાર(રો) ના નામ | ૧૩(૨) માંગણા નોટીસ મુજબ કુલ માંગ રકમ | સ્થાવર મિલકતની વિગત | અનામત કિંમત (ઇએમડી) | કબજા ની સ્થિતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જાંહગીરપુરા મોઃ 7574803201 | શ્રી કિશન સોની | રૂા. ૨૪,૮૬,૬૦૫ + વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા.૦૨.૦૫.૨૦૨૫ મુજબ | તમામ ભાગ અને હિસ્સો સ્થાવર મિલકત નો જગ્યા મુજબ પ્લોટ નં. ૧૦, મંજુર પ્લાન મુજબ પ્લોટ નં. ૧૮ અને ૧૯ સોસાયટી જે સૌંદર્ય વિલા આવેલ તે સોંડલખાર, ઓલપાડ નો રેવન્યુ સર્વે નં. ૧૧૪/૧, ૧૦૯/૬, ૧૦૯/૭, બ્લોક નં. ૩૪૪ ક્ષેત્રફળ આશરે ૬૫૭૬.૦૦ ચોરસ મીટર બિન-ખેતીલાય રહેણાંક હેતુ જમીન ગામઃ સોંડલખાર, તાલુકોઃ ઓલપાડ, જીલ્લોઃ સુરત કુલ ક્ષેત્રફળ આશરે ૧૭૭.૭૭ ચોરસ મીટર, મંજુર પ્લાન મુજબ ક્ષેત્રફળ ૭૪.૩૫ ચોરસ મીટર અને ૭૪.૩૫ ચોરસ મીટર, કુલ ક્ષેત્રફળ ૧૪૮.૭૦ ચોરસ મીટર સાથે અવિભાજીત પ્રમાણસર હિસ્સો સીઓપી અને રોડ જમીન ક્ષેત્રફળ ૮૨.૮૪ ચોરસ મીટર. | ૨૫,૨૦,૦૦૦/- ૨,૫૨,૦૦૦/- | પ્રત્યક્ષ |
| ૨ | માંડવી મોઃ 9099007016 | શ્રી ભાવેશકુમાર ઝથાભાઈ પટેલ | રૂા. ૧૨,૪૦,૦૭૪.૬૦ + વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા.૦૧.૦૮.૨૦૨૫ મુજબ | સીટી સર્વે નં. ૧૮૭ પૈકી ફ્લેટ નં. ૪૦૩, સુપર બિલ્ટઅપ એરીયા ૮૦.૫૦ ચોરસ મીટર, સમર્થ એપાર્ટમેન્ટ, બાવા ફળીયુ, મોજે માંડવી, તાલુકોઃ માંડવી, જીલ્લોઃ સુરત. | ૧૦,૨૦,૦૦૦/- ૧,૦૨,૦૦૦/- | સાંકેતિક |
| ૩ | પિલોદ મોઃ 9099997670 | શ્રી પ્રવિણભાઈ કાલીદાસ પટેલ શ્રીમતી કોકિલાબેન પ્રવિણભાઈ પટેલ | રૂા. ૧૬,૩૭,૨૦૨.૩૩ + વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા.૩૦.૦૭.૨૦૨૫ મુજબ | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો સ્થાવર મિલકતનો એટલે કે પ્લોટ નં. ૧૧ (એ-૧) ફોર્મ નં. ૭ અને ૧૨ મુજબ, બ્લોક નં. ૨૯૭/એ/૨-૧૧) ક્ષેફળ એરીયા ૭૪.૩૫ ચોરસ મીટર કોમન રોડ અને સીઓપી માં (એક્ત્રીકરણ ૧૧૫.૯૧ ચોરસ મીટર) નો નીલકન્ઠ રેસીડન્સી ની જમીન નો બ્લોક નં. ૨૯૭/એ/૨ પૈકી મોજે ગામઃ મુલદ, તાલુકોઃઓલપાડ, જીલ્લોઃ સુરત. | ૧૮,૧૨,૦૦૦/- ૧,૮૧,૨૦૦/- | સાંકેતિક |
| ૪ | પિલોદ મોઃ 9099997670 | શ્રી દિનેશ જયનાથ યાદવ | રૂા. ૮,૯૦,૧૩૬.૮૨ + વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા.૩૦.૦૫.૨૦૨૫ મુજબ | મિલકતનો પ્લોટ નં. ૪૪ (કેજેપી દુરસ્તી બ્લોક નં. ૪૩૬/૪૪ અને રી-સર્વે ન્યૂ બ્લોક નં. ૮૧૯ મુજબ), ક્ષેત્રફળ એરીયા ૪૮.૦૫ ચોરસ યાર્ડ એટલે કે ૪૦.૧૮ ચોરસ મીટર બરાબર, સાથે અવિભાજીત પ્રમાણસર હિસ્સા નું ક્ષેત્રફળ ૬.૭૪ ચોરસ મીટર સીઓપી માં અને ૨૦.૪૪ ચોરસ મીટર કોમન રોડ માં, 'સાંઈકૃપા રેસીડેન્સી' તરીકે ઓળખાતી અને નામ આપવામાં આવેલી હાઉસિંગ સોસાયટીના તમામ પ્રકારના સગ્નલન સાથે આવેલ જમીન નો રેવન્યુ બ્લોક નં. ૨૩૬ (જુનો સર્વે નં. ૨૪૮/૧ + ૨૪૭/૧) મોજે ગામ સિયાલજ; તાલુકો માંગરોલ, જીલ્લો સુરત. | ૬,૪૧,૦૦૦/- ૬૪,૧૦૦/- | પ્રત્યક્ષ |
| ૫ | કપોદરા મોઃ 7574848365 | શ્રીમતી સુરજદેવી ઘેવરામ ચૌધરી અને શ્રી ઘેવારામ મોડારામજી ચૌધરી | રૂા. ૧૭,૦૨,૮૬૬.૬૪ + વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૧૨.૦૪.૨૦૨૧ મુજબ | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો બી-ટાઈપ પ્લોટ નં. ૩ (પાસીંગ પ્લાન મુજબ પ્લોટ નં. બી-૩)(રિ-સર્વે નવા બ્લોક નંબર ૧૨૦૩ મુજબ) 'શ્રી વીર વિનાયક રેસીડેન્સી' તરીકે ઓળખાતી સોસાયટીની, માંકણા ગામ ખાતે આવેલ નો રેવન્યુ સર્વે નં. ૧૧૬/૨, બ્લોક નં. ૧૧૮, ક્ષેત્રફળ ૧૩૩૫૭.૦૦ ચોરસ મીટર ગામઃ માંકણા તાલુકોઃ કામરેજ, જીલ્લોઃ સુરત ૭/૧૨ મુજબ, ક્ષેત્રફળ ૫૩.૩૭ ચોરસ મીટર એટલે કે ૬૩.૮૩ ચોરસ યાર્ડ ( રિ-સર્વે મુજબ ક્ષેત્રફળ ૫૩.૦૦ ચોરસ મીટર) સાથે અવિભાજીત પ્રમાણસર જમીન ના હિસ્સા નું ક્ષેત્રફળ ૨૭.૧૪ ચોરસ મીટર જે શ્રીમતી સુરજદેવી ઘેવરામ ચૌધરી અને શ્રી ઘેવારામ મોડારામજી ચૌધરી ના નામે. | ૮,૨૫,૩૦૦/- ૮૨,૫૩૦/- | પ્રત્યક્ષ |
| ૬ | કાપોદરા મોઃ 7574848365 | શ્રીમતી આશાસિંહ કમલેશસિંહ યાદવ અને શ્રી કમલેશસિંહ રામદિપસિંહ યાદવ | રૂા. ૧૫,૮૫,૮૪૩ + વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૨૮.૦૪.૨૦૨૧ મુજબ | મિલકતનો તમામ ભાગ અને હિસ્સો પ્લોટ નં. ૭/ઈ (મંજુર થયેલ પ્લાન મુજબ) ગામ-કારેલી ખાતે આવેલી 'ઓમ હરિ ઓમ રેસીડેન્સી' તરીકે ઓળખાતી સોસાયટી, તાલુકોઃ પલસાણા,જીલ્લોઃ સુરત, ક્ષેત્રફળ આશરે ૬૬.૯૨ ચોરસ મીટર સાથે તેના પરનું બાંધકામ અને અવિભાજીત પ્રમાણસર હિસ્સો સીઓપી અને રોડ જમીન નું ક્ષેત્રફળ ૪૪.૧૭, કુલ ક્ષેત્રફળ ૧૧૧.૦૯ ચોરસ મીટર., શ્રીમતી આશાસિંહ કમલેશસિંહ યાદવ અને શ્રી કમલેશસિંહ રામદિપસિંહ યાદવ ના નામે છે. | ૮,૧૮,૧૦૦/- ૮૧,૮૧૦/- | પ્રત્યક્ષ |
| ૭ | ભરૂચ મોઃ 9099007002 | શ્રી મિથિલેશ રાજેન્દ્રસિંહ યાદવ અને શ્રીમતી રૂબી મિથિલેશ યાદવ | રૂા. ૧૯,૩૨,૦૧૫.૫૪+ વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા.૩૦.૦૧.૨૦૨૫ મુજબ | મિલકતનો રેવન્યુ સર્વે નં. ૨૮૬ પૈકી રહેણાંક પ્લોટ નં. ૨૫૨૨ ક્ષેત્રફળ કુલ એરીયા ૫૦૦.૦૦ ચોરસ મીટર પૈકી બિલ્ડીંગ 'મોહિત એપાર્ટમેન્ટ' પૈકી પહેલો માળ ફ્લેટ નં. ૧૦૫, ક્ષેત્રફળ બિલ્ટઅપ એરીયા ૪૫.૦૦ ચોરસ મીટર અવિભાજીત જમીન નો હિસ્સો ૨૦.૮૩ ચોરસ મીટર 'મોહિત કો-ઓપ. હાઉસિંગ સોસાયટી લિમિટેડ.' ભડકોદરા ગામની સીમ માં, તાલુકો અંકલેશ્વર, જીલ્લોઃ ભરૂચ. | ૧૪,૦૨,૦૦૦/- ૧,૪૦,૨૦૦/- | પ્રત્યક્ષ |
| ૮ | ભરૂચ મોઃ 9099007002 | શ્રી સુધીર સુભનાથ યાદવ અને શ્રીમતી રીમા સુધીર યાદવ અને શ્રી રૂદલ સુભનાથ યાદવ | રૂા. ૯,૮૭,૭૬૬.૫૭+ વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા.૩૦.૦૧.૨૦૨૫ મુજબ | તમામ ભાગ અને હિસ્સા નો પ્લોટ નં. ૨૩/૨, શીવમ રેસીડન્સી નો આર.એસ. નં. ૮૪/૩, પ્લોટ નં. ૨૧,૨૨,૨૩ મોજે ગડખોલ, તાલુકોઃ અંકલેશ્વર, જીલ્લોઃ ભરૂચ ની એન.એ. જમીન નો રેવન્યુ સર્વે નં. ૮૪/૩, પ્લોટ નં. ૨૧,૨૨,૨૩ પૈકી મિલકત (પ્લોટ) નં. ૨૩/૨, ક્ષેત્રફળ ૫૦.૨૬ ચોરસ મીટર અને રોડ રસ્તા ક્ષેત્રફળ ૧૩.૦૦ ચોરસ મીટર સી.ઓ.પી. જમીન એરીયા ક્ષેત્રફળ ૨૬.૩૭ ચોરસ મીટર એરીયા ૮૯.૬૩ ચોરસ મીટર જે ગડખોલ ગામની સીમ માં આવેલ છે. | ૧૧,૭૫,૦૦૦/- ૧,૧૭,૫૦૦/- | પ્રત્યક્ષ |
| ૯ | ભરૂચ મોઃ 9099007002 | શ્રીમતી ચંદ્રિકાબેન શર્મેશભાઈ વસાવા અને શ્રી શર્મેશભાઈ બાબુભાઈ વસાવા | રૂા. ૧૫,૦૩,૧૬૪.૭૮+ વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા.૦૩.૧૨.૨૦૨૪ મુજબ | મિલકતનો સીટી સર્વે વોર્ડ નં. ૩ સર્વે નં. ૩૦૯/૧ અને ૩૦૯/૨ અને તેનો એકીકૃત સીટી સર્વે નં. ૩૦૯/૧, ક્ષેત્રફળ ૩૦૩૪.૫૧ ચોરસ મીટર, જે ભરૂચ સીટી ખાતે આવેલ, બિલ્ડીંગ નામે રંગપ્રવેશ ફ્લેટ નં. ૪૦૯ ક્ષેત્રફળ ૬૭.૩૨ ચોરસ મીટર બિલ્ડઅપ એરીયા. | ૧૪,૧૭,૫૦૦/- ૧,૪૧,૭૫૦/- | પ્રત્યક્ષ |
| ૧૦ | ભરૂચ મોઃ 9099007002 | શ્રી ચૌહાણ મંગળભાઈ ખુમાનભાઈ | રૂા. ૧૯,૧૬,૪૧૩.૬૮+ વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા.૦૮.૦૪.૨૦૨૫ મુજબ | તમામ ભાગ અને હિસ્સા નો રેવન્યુ સર્વે નં. ૯૮ પૈકી ક્ષેત્રફળ ૩૨૩૭.૦૦ ચોરસ મીટર પૈકી બિલ્ડીંગ - એ, પૈકી ૩જો માળ, ફ્લેટ નં. એ-૩૦૬ ક્ષેત્રફળ સુપર બિલ્ટઅપ એરીયા ૯૪.૩૦ ચોરસ મીટર અને જમીન નો અવિભાજીત હિસ્સા ૨૮.૨૯ ચોરસ મીટર 'ક્રિસ્ટલ એવન્યુ' ગડખોલ ગામ ની હદમાં તાલુકો અંકલેશ્વર, જીલ્લોઃ ભરૂચ. | ૧૫,૧૦,૦૦૦/- ૧,૫૧,૦૦૦/- | પ્રત્યક્ષ |
| ૧૧ | પરીયા મોઃ 9099997688 | શ્રી મોન્ટુ દાસ | રૂા. ૧૫,૪૪,૩૫૩.૦૦+ વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા.૩૦.૦૧.૨૦૨૫ મુજબ | સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો ફ્લેટ નં. એ/૨૦૬, ૨જો માળ, બિલ્ડીંગ નં. એ, વ્રજ વિહાર એપાર્ટમેન્ટ તરીકે ઓળખાતુ ના માલિક વ્રજવિહાર કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડ સોસાયટી એક્ટમાં રજીસ્ટર્ડ રજીસ્ટ્રેશન નં. જીએચ-૨૧૩૦૪ તા. ૨૫.૦૨.૨૦૨૪ જે કોળી મોહલો, અડાજણ ખાતે આવેલ, જુનો ગ્રામ પંચાયત નં. ૩૯૫, વોર્ડ નં. 3 (અડાજણ), મિલકત નં. ૫૦૬, વોડ નો ચલતા નં. ૪૪ અડાજણ ગામતલ જમીન, તાલુકોઃ સુરત સીટી, જીલ્લો સુરત કુલ ક્ષેત્રફળ કાર્પેટ એરીયા ૩૯૭.૦૦ ચોરસ ફુટ સાથે લગભગ ૧૨.૯૩ ચોરસ મીટરની નીચેની જમીનની નીચે અવિભાજીત પ્રમાણસર હિસ્સો સાથે. | ૧૧,૬૬,૪૦૦/- ૧,૧૬,૬૪૦/- | પ્રત્યક્ષ |

હરાજીના નિયમો અને શરતોની વિગતો માટે કૃપા કરીને બેંકની વેબસાઈટ www.gujaratgb.in/e_auction.php પર આપેલી લિંકનો સંદર્ભ લો.

સરફેસી એક્ટ, ૨૦૦૨ અનુસાર કાયદેસર રીતે ૧૫/૩૦ દિવસની વેચાણ નોટીસ

લોનધારકો/જામીનદારોને આ નોટીસ દ્વારા હરાજીની છેલ્લી તારીખ પહેલાં વ્યાજ અને અન્ય ખર્ચ સાથે માંગણાની રકમ જમા કરાવવા માટે જાણ કરવામાં આવી છે, જેમા નિષ્ફળ જતા, મિલકતોની હરાજી/વેચાણ કરવામાં આવશે અને જો હરાજી/વેચાણ પછી બાકી રહેલી રકમ અને ખર્ચ વ્યાજ સાથે વસૂલ કરવામાં આવશે.

સ્થળઃ સુરત - તારીખઃ ૧૭.૦૧.૨૦૨૬ — નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. — અધિકૃત અધિકારી - ગુજરાત ગ્રામીણ બેંક-સુરત